## સ્પે.સિવિલ સ્યુટ નં.૨૮/૨૦૧૬

**આંક– ૫ લગત હુકમ :–**

(૧) અરજી વંચાણે લીધી.વાદી તરફે વિ.વ.શ્રી આર.જે.પટેલને સાંભળ્યા. સંદર્ભે દસ્તાવેજો વંચાણે લીધા.પ્રતિવાદી તરફે વિદવાન વકીલશ્રીનો જવાબ તથા પ્રતિવાદી તરફે વિ.વ.શ્રી એન.એમ.પરમારને સાંભળ્યા.

(૨) સદર કામે વાદીએ ડેકલેરેશન તથા વહેંચણી માટેનો દાવો કરેલ છે. વાદીની રજુઆત એવી છે કે, પ્રતિવાદી વાદી નં. ૧ ના પુત્ર તથા ૨,૩ના ભાઈ થાય છે. અને દાવા વાળી મીલકત વાદી નં. ૧ પતિ તથા ૨,૩ના તથા પ્રતિવાદીના પિતાની વડીલો પાર્જીત મીલકત છે. જમા વાદી અને પ્રતિવાદીની સમાન હીસ્સો સમાયેલોહોવા છતાં આ કામના પ્રતિવાદી દાવાવાળી મીલકત વાદીને તેમનો હીસ્સો ન હોવાનું વાદી દાવાવાળી મીલકતમા તેમનો હીસ્સો સમાયેલો હોવાનું ડેકલેરેશન મેળવવા માટે તથા તેમનો ભાગ મેળવવા માટે હાલનો દાવો કરેલ છે. દાવા સાથે વાદીએ હાલની મનાઈ અરજ કરેલ છે. જેની સાથે વાદીએ હાલની અરજી ઓર્ડર –૩૮ રુલ્સ ૧–૨ મુજબ વાદીએ પોતાની મનાઈ અરજીમાં જણાવેલ છે કે દાવાવાળી મીલકત વાદી પ્રતિવાદીની વડીલોપાર્જીત મીલકત હોય તેમા વાદીનો પણ હકક હીસ્સો સમાયેલ હોય જેથી વાદીનો કેસ પ્રથમ દર્શનીય હોય સગવડતાની સમતુલા પણ તેમની તરફેણમા હોય તેમજ જો પ્રતિવાદી અન્ય કોઈને મીલકત તબદીલ કરી દેતો વાદીને નાણાંથી ભરપાઈ ન થઈ શકે તેવુ નુકશાન થાય તેમ છે.જેથી વાદીની માગ્યા મુજબનો મનાઈ હુકમ આપવો જોઈએ તેવી અરજ કરેલ છે. વાદીના વિ.વ.શ્રીએ આંક–૧૩થી હાલની મનાઈ અરજીની લેખીતમા દલીલો રજુ કરેલ છે. જે વંચાણે લેતા વાદી ધ્વારા તેમનો પ્રથમ દર્શનીય કેસ હોવાનું તથા સગવડતાની

સમતુલા તેમની તરફેણમા હોવાનું તથા પ્રતિવાદી ધ્વારા જવાબમા જે હકીકત જણાવેલ છે તે ઉડાઉ હોય ખોટી હોવાનું જણાવેલ જવાબમાં જણાવેલ હકીકતોને સમર્થન કરતો કોઈ દસ્તાવેજી પુરાવો આ કામે રજુ થયેલ નથી તેથી વાદી ને માગ્યા મુજબનો મનાઈ હુકમ આપવા પોતાની લેખીત દલીલમાં રજુઆત કરેલ છે.

(૩) ત્યાર બાદ સદર કામે પ્રતિવાદી ધ્વારા વિ.વ.શ્રી એન.એમ.પરમારની દલીલો સાંભળી. જેઓએ પોતાની દલીલમા જણાવેલ છેકે હાલના કામે પ્રતિવાદી પાસે સ્વતંત્ર આવકના કોઈ સાધનો ઉપલ્બધ નથી. તેમજ આ કામના વાદીના દિકરાને ભણાવવા મેડીકલ અભ્યાસ નો ખર્ચ પણ તેમના મૈયત પિતા માધવલાલ જોઈતારામની નિવૃતી દરમીયાન મળેલ હકકમાથી મળેલ હોય તેવી હકીકત વાદીએ છુપાવેલ છે. તેમજ વાદી ધ્વાર જે અન્ય મીલકત તેમના પતિને આવકમાથી ખરીદ કરવામા આવેલ છે તે હકીકત પણ હાલના કામે વાદીએ છુપાવેલ છે. આમ વાદી કલીન હેન્ડથી દાવો કરેલ નથી અને બદ દાનતથી સાચી હકીકત છુપાવી દાવો કરેલ હોય વાદીની તરફેણમા કોઈ મનાઈ હુકમ આપવા પાત્ર થતો નથી તેવી દલીલ કરેલ છે.વધુમા તેઓએ એવી દલીલ કરેલ છે કે આ કામે વાદી ધ્વારા કરવામા આવેલ મનાઈ અરજ તથા કરવામા આવેલ દલીલ વંચાણે લેવામા આવેતો વાદી ધ્વારા કોઈ સ્પષ્ટ દાદ માગવામા આવેલ નથી. જેથી તેઓ શું દાદ માગેલ છે તેજ કોર્ટ સમક્ષ સ્પષ્ટ થતુ નથી. હવે જયારે પક્ષકારો ધ્વારા સ્પેશીફીક દાદ માગવામા આવેલ ન હોય ત્યારે કાઈપણ પ્રકારની દાદ આપવીજ નહી તેવી રજુઆત કરી અરજી નામંજુર કરવા અરજ કરેલ છે.

(૪) જયાં સુધી વચગાળાના મનાઈ હુકમની અરજીનો નિર્ણય કરવાનો પ્રશ્ન છે ત્યાં સુધી વાદીઓ પોતાનો કેસ પ્રથમ દર્શનીય હોવાનું તેમજ સગવડતાની સમતુલા તેમની તરફેણમા હોવાનું તેમજ માગ્યા મુજબની દાદ મંજુર કરવામા ન આવેતો વાદીને નાણાંથી ભરપાઈ ન થઈ શકે તેવુ નુકશાન થવાની સંભવના બનતી હોય તોજ વાદી માગ્યા મુજબની વચગાળાની દાદ મેળવવા માટે હકકદાર બનતા હોય છે.

(૫) આમ સદર કામે તમામ હકીકતો ધ્યાને લેતાં વાદી ધ્વારા દાવાના કામે જે મીલકત દર્શાવેલ છે તે મીલકતમાં સ.નં. ૫૮૫ની મોજે થલોટા ગામની જમીનના ૭/૧૨ના નમુના માર્ક ૪/૧થી રજુ થયેલ છે. જેમા વાદી તથા પ્રતિવાદીના નામો કબજેદાર તરીકે દર્શાવેલ છે. તેજ રીતે મોજે થલોટાનું નં. ૨૧૫/૧૪થી બે માળનું પાકુ મકાનનું આકારણી પત્રક રજુ કરવામા આવેલ છે.જેમા પણ માલીકીનું નામ આ કામના વાદી તથા પ્રતિવાદીના પિતા માધવલાલ જોઈતારામના નામે હોવાનું સ્પષ્ટ જણાય આવે છે.આમ દાવાવાળી મીલકત વાદી પ્રતિવાદીના ની સંયુકત માલીકીની હોવાનો દસ્તાવેજ આધારે વાદી તરફથી સ્પષ્ટપણે જણાઈ આવે છે. આમ વાદીના વારસોની માલીકીની મીલકતમા વાદી પ્રતિવાદીઓનો સમાન હીસ્સો સમાયેલો હોવાનું પણ વાદીની તરફેણમાં વાદીના કેસની હકીકત ધ્યાને લેતા પ્રથમ દર્શનીય રીતે જણાઈ આવતી હોય જેથી વાદીનો કેસ પ્રથમ દર્શનીય હોવાનું સ્પષ્ટપણે માનવામા આવે છે. તેમજ દાવાવાળી મીલકત નો કબજો હાલના આ કામના પ્રતિવાદી પાસે હોય જેથી પણ સગવડતાની સમતુલા પણ વાદીની તરફેણમાં હોવાનું સ્પષ્ટપણે માનવુ છે. તેમજ જો પ્રતિવાદી ધ્વારા દાવાવાળી મીલકત નો નિકાલ કરી દેવામા આવેતો વાદીને નાણાંથી ભરપાઈ ન થઈ શકે તેવુ નુકશાન થવાની સંભાવના પણ નકારી શકાય તેમ નથી. તેમજ મલ્ટીપ્લીસીટી પ્રોસીડીંગ્સ પણ થઈ શકે તેમ હોય જેથી પણ વાદીની દાવા તથા મનાઈ અરજીની હકીકત જોતા પ્રથમ દર્શનીય કેસ હોવાનું તેમજ સગવડતાની સમતુલા પણ પણ વાદીની તરફેણમાં હોવાનું સ્પષ્ટ પણે જણાઈ આવે છે. પરંતું જયારે વાદી ધ્વારા કોઈ સ્પષ્ટ મનાઈ હુકમ માગેલ નથી ત્યારે વાદી પ્રતિવાદી વિરુધ્ધ મનાઈ હુકમ મેળવવા માટે હકકદાર બનતા નથી.પરંતું સદરકામે કેસની સમગ્ર હકીકતો ધ્યાને લેતા ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબ નો આખરી હુકમ ફરમાવુ છું.

**–: હુકમ :–**

– વાદીની અરજી અંશતઃમંજુર કરવામાં આવે છે.

– આ કામના વાદી પ્રતિવાદીએ દાવાવાળી મીલકત દાવાના આખરી નિર્ણય સુધી અથાવત પરિસ્થિતિ જાળવી રાખવાનો હુકમ કરવામા આવે છે.

ખર્ચ અંગે કોઈ હુકમ કરવામા આવતો નથી.

ઉપરોકત હુકમ આજરોજ તારીખ ૨૯ માહે નવેમ્બર સને ૨૦૧૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૨૯/૧૧/૨૦૧૬
વિસનગર.

(એમ.એમ.પરમાર)
પ્રિન્સીપાલ સીનીયરસીવીલ જજ
કોડ નં.જીજે.૦૦૮૮૧
વિસનગર